

## માનવતાની સેવામાં કોમનમેન-સીએમ

અમદાવાદ ખાતે આયોજીત રેડક્રોસ સોસાયટીના નવા ભવનના લોકાર્પણ કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ગાંધીનગર ખાતે પોતાના નિવાસ્થાને પરત ફરી રહ્યા હતા ત્યારે તેમણે રસ્તામાં એક ઓટોરીક્ષા પલટી ખાધેલી જોઈ તરત જ તેમના કાફલાને ઉભો રાખ્યો અને સ્વયં રીક્ષા પાસે દોડી જઈ ઘાયલ મુસાફરોને બહાર કાઢ્યા અને ઈજાગ્રસ્ત લોકોને પોતાના કોન્વોયમાં બેસાડી ગાંધીનગર સિવીલ હોસ્પિટલ પહોંચાડ્યા. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પોતાના સિક્યોરિટી પીએલ ને જાતે જઈ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડવા આદેશ આપ્યા. મુખ્યમંત્રીની આ સંવેદનશીલ ઘટનાને નજરે જોનારના ચહેરા અવાક થઈ ગયા હતા અને લોકો કઈ રહ્યા હતા કે મુખ્યમંત્રી ખરેખર કોમનમેન તરીકે કાર્ય કરી રહ્યા છે.

# આજથી શહેરમાં શૈક્ષણિક સત્રનો આરંભ

### ઉનાળુ વેકેશન બાદ આજથી શાળાઓમાં વિદ્યાર્થીઓનો કોલાહલ ગુંજશે : આકરી ગરમી વચ્ચે નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભને ઉમળકાથી વધાવવા વિદ્યાર્થીઓ અને વાલીઓ સજ્જ : નવા પુસ્તકો, દફ્તર અને યુનિફોર્મમાં વિદ્યાર્થીઓ શાળાના પગથિયા ચઢશે

ગાંધીનગર તા ૪

ઉનાળાના વેકેશન બાદ આજથી શહેરની શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. છેલ્લા દોઢ મહીનાથી નગરના શૈક્ષણિક સંકુલમાં વેકેશનના લીધે સુનકાર છવાયેલો જોવા મળતો હતો. જયારે આજે વેકેશન ખુલતા શાળા સંકુલ વિદ્યાર્થીઓના કોલાહલથી ગુંજી ઉઠશે. આકરી ગરમીમાં છુટ્ટીની મજા માંણ્યા બાદ હવે ભુલકાઓ ફરી દફતર હાથમાં લઈ શાળાએ જતા નજરે પડશે. વાલીઓના લેટ ધેમ પ્લેના મુડમાં બાળકોએ ગરમીની રજાઓની મજા લીધા બાદ હવે ચલો સ્કુલ ચલે, હમ...ના અભિગમ સાથે શાળાના પગથિયા ચઢશે. આક્રમક બનતી ગરમી વચ્ચે શાળાએ જવાનુ કામ પણ મુશ્કેલ બન્યુ છે. ત્યારે વાલીઓના જુથમાં વેકેશન લંબાવવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

શૈક્ષણિક વર્ષ દરમિયાન શાળાઓમાં ઉનાળા તેમજ દિવાળી વેકેશનની વિદ્યાર્થીઓ રાહ જોઈને બેઠા હોય છે. જેમાં ગરમીની લાંબી રજાઓને અનુલક્ષી વિદ્યાર્થીઓ વિશેષ ઉત્સુક હોય છે. છેલ્લા દોઢ મહીનાથી ચાલતા ઉનાળુ વેકેશનનો આજે અંત આવ્યો છે. ગરમીની રજાઓમાં ફરવા હરવાની અને રમવાની મજા માંણ્યા બાદ આજથી વિદ્યાર્થીઓ ફરી અભ્યાસમાં જોડાઈ જશે. વેકેશન દરમિયાન સમર કેમ્પ સહીત પ્રવાસના મુડમાં રહેતા વિદ્યાર્થીઓ હવે નવા દફતર અને યુનિફોર્મમાં શાળાના પગથિયા ચઢતા નજરે પડશે. છેલ્લા દોઢ મહીનાથી નગરની શાળાઓમાં પણ સુનકાર જોવા મળતો હતો. વેકેશનની અસરના લીધે શાળા સંકુલોમાં સન્નાટો જોવા મળતો હતો. જયારે ગરમી અને વેકેશનના લીધે નગરના જનજીવનમાં પણ અનોખો સુનકાર પ્રવર્તયો હતો. જો કે હજુ ગરમીનો મિજાજ યથાવત છે. પરંતુ તા ૫ જુનથી શાળાઓ ખુલતા નગરનુ જનજીવન ફરી ચેતનવંતુ બની જશે. શાળાઓમાં લાંબા સમય બાદ વિદ્યાર્થીઓની કોલાહલ ગુંજશે. નવા શૈક્ષણિક સત્રમાં જોડાવવા માટે વિદ્યાર્થીઓએ નવા પુસ્તકો ,દફતર અને યુનિફોર્મ સહીતની સ્કુલ એસેસરીઝ પણ ખરીદી લીધી છે. આજે રવિવારની રજાના દિવસે પણ બજારમાં ભારે ભીડ જોવા મળી હતી. વાલીઓ ગરમીમાં પણ બાળકો માટે દફતર સહીતની ચીજવસ્તુઓ ખરીદવામાં મસ્ત જોવા મળ્યા હતા. વેકેશનમી મજા લીધા બાદ વિદ્યાર્થીઓ માટે આ વખતે શાળાએ જવામાં થોડુ મોં વંકાય તેવી સ્થિતિ છે. એકબાજુ શાળાઓ ખુલી રહી છે. ત્યારે આક્રમક ગરમીના લીધે નગરજનો ત્રસ્ત છે. ત્યારે આકરી ગરમી અને બફારામાં વિદ્યાર્થીઓને શાળાએ મોકલવા માટે કેટલાક વાલીઓ ચિંતિત પણ છે. જો કે નવા શૈક્ષણિક વર્ષની સાથે નવા ઉત્સાહ અને ઉમંગ સાથે નવા યુનિફોર્મમાં વિદ્યાર્થીઓ શાળાએ જવા માટે સજ્જ છે.



શૈક્ષણિક સત્રના આરંભે ધમધમાટ - સોમવારથી શાળાઓમાં શૈક્ષણિક સત્ર આરંભાશે... દફ્તર, કંપાસ, વૉટરબેગ, ચોપડા, ગણવેશ વગેરેની ખરીદી માટે બજારમાં વિદ્યાર્થીઓ - વાલીઓની ભીડ નજરે પડતી હતી...

# શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ૧૯ ઉચ્ચ અધિકારીઓ જોડાશે

### આગામી ૮ થી ૧૦ જુન પ્રવેશોત્સવની ઉજવણી : જિલ્લામાંથી ૧૪૧૦૭ બાળકો પ્રવેશપાત્ર : કલોલ માણસામાં કુમાર કરતા કન્યાઓ વધુ પ્રવેશપાત્ર : મીની ગુણોત્સવનુ પણ આયોજન

ગાંધીનગર તા ૪

ઉનાળુ વેકેશન પુર્ણ થતા જ શાળાઓમાં આગામી તા ૮ થી ૧૦ જુન દરમિયાન પ્રવેશોત્સવની ઉજવણી કરાશે. જિલ્લામાં ૧૪૧૦૭ બાળકોને પ્રવેશ આપવા માટે તંત્ર દ્વારા પણ પુર્વતૈયારીઓ કરી દેવાઈ છે. ત્યારે કલોલ અને માણસામાં કુમાર કરતા કન્યાઓને વધુ પ્રવેશપાત્ર હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. પ્રવેશોત્સવની સાથે મીની ગુણોત્સવનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં વિદ્યાર્થીઓને અનુલક્ષી ૨૦ ગુણનુ મુલ્યાંકન કરવામાં આવશે. પ્રવેશોત્સવના કાર્યક્રમને ધ્યાને લઈ સરકારે ૧૯ ઉચ્ચ અધિકારીઓને ફરજ સોંપવામાં આવી છે. જિલ્લાના વિવિધ તાલુકા ઉપરાંત શહેરી વિસ્તારમાં અધિકારીઓ શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમનો પ્રારંભ કરાવશે.

રાજય સરકાર દ્વારા દરવર્ષ શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવે છે. જે અન્વયે આગામી તા ૮ જુનથી શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ શરૂ થશે. શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમને અનુલક્ષી સરકારે આઈ એ એસ , આઈ પી એસ આઈ એફ એસ અને વર્ગ-૧ ના કુલ ૧૯ અધિકારીઓને ફરજ સોંપી છે. આ અધિકારીઓ જિલ્લાના વિવિધ તાલુકાઓ તેમજ શહેરી વિસ્તારમાં શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવશે. જેમાં કલોલમાં આઈ પી એસ અધિકારી

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં અસહ્ય બફારો : જનજીવન પર ઘેરી અસર

ગાંધીનગર, તા. ૪

તોબા પોકારાવી દે તેવી આકરી ગરમી અને અસહ્ય બફારાથી શહેરીજનો ખુબજ ત્રસ્ત બન્યા છે. હવે વરસાદ પડે તો ઠંડક થાય તેમ સૌ કોઈ ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી વાદળછાયુ વાતાવરણ રહ્યુ છે. હમણાં વરસાદ પડશે એવુ લાગ્યા કરે છે. જો કે વરસાદ પડતો નથી. આવા વાતાવરણની વચ્ચે ગરમીએ માઝા મુકી છે. અસહ્ય ઉકળાટ અને બફારો વસાહતીઓને હેરાન કરી રહ્યો છે. પરસેવે રેબઝેબ થઈ જવાય તેટલી આકરી ગરમી અનુભવાય છે. તડકો પણ એટલો આકરો પડે છે કે દિવસ દરમ્યાન ઘરની બહાર નીકળનારા વસાહતીઓ ખુબ થાકી જાય છે. પાણી તો એટલુ પીવાય છે કે ન પુછો વાત. ગરમીને દૂર ભગાડવા વસાહતીઓ વિવિધ ઉપાયો અજમાવી રહ્યા છે. એસીના વેચાણમાં જબરજસ્ત ઉછાળો આવ્યો છે. પાણીનો વપરાશ ખુબ વધી ગયો છે. બફારા અને ગરમીથી ત્રાસેલા વસાહતીઓ ઠંડા પાણીથી નહાઈને ગરમી દૂર કરવાનો પ્રયાસ કરે છે. જેના કારણે પાણીનો વપરાશ વધ્યો છે. પાણીનું સ્ટોરેજ હમણાં વધુ કરવું પડતુ હોવાથી પાણીનું પ્રેશર ખુબ ઓછુ આવે છે. એસી પણ ૨૪ કલાક ચાલુ રાખવુ પડતુ હોવાથી વીજળીનો વપરાશ ખુબ વધી ગયો છે. હવે તો વરસાદ પડે અને ગરમી ઓછી થાય તેમ સૌ કોઈ ઈચ્છી રહ્યા છે.

# શહેરમાં ક્રિકેટ ફીવર છવાયો મોડીરાત સુધી ધમધમાટ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરમાં પણ ભારત અને પાકિસ્તાનની ક્રિકેટ મેચ હોવાના કારણે ક્રિકેટ ચાહકોમાં જોરદાર ક્રેઝ જોવા મળ્યો હતો. એજબેસ્ટનમાં આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની મેચમાં વારંવાર વરસાદના વિઘ્ન વચ્ચે પણ ભારતીય બેટ્સમેનોએ ઝંઝાવતી બેટિંગ કરી હતી. ભારતે સ્કોરને ૩૦૦થી પણ ઉપર પહોંચાડ્યો હતો. વિરાટ કોહલી, યુવરાજ, શિખર ધવન અને રોહિત શર્માની છગ્ગા ચોગ્ગાની રમઝટ જોવા મળી હતી. મેચ શરૂ થતાંની સાથે જ ચાહકોમાં ઉત્સુકતા વધી ગઈ હતી અને મોડી રાત સુધી સ્કોર શું થયો તે જાણવા માટે ઉત્સુકતા રહી હતી. મેચની તમામ તૈયારીઓ શરૂ થવાની સાથે અને ટોસ ઉછળી ગયા બાદ ક્રિકેટ ચાહકો ટીવીની સામે ગોઠવાઈ ગયા હતા. બીજી બાજુ રસ્તામાં અવર જવર કરનાર લોકો પણ સ્કોર કેટલો થયો તેવા પ્રશ્ન કરતા નજરે પડ્યા હતા અને મેચની એક ઝલક મેળવી લેવા માટે પણ ટીવી સ્ક્રીન શોધતા નજરે પડ્યા હતા. બીજી બાજુ મોટી દુકાનો, મોટા શોરુમ અને અન્યત્ર જગ્યાઓ ઉપર ટીવી સ્ક્રીન મુકવામાં આવ્યા હતા જ્યાં ક્રિકેટ ચાહકો મોટી સંખ્યામાં એકત્રિત થઈ ગયા હતા. આ સિલસિલો મોડી રાત સુધી જારી રહ્યો હતો. આ મેચને લઈને ભારે રોમાંચકતા પ્રવર્તી રહી છે.

એજબેસ્ટનના મેદાન પર રમાયેલી મેચની તમામ ટિકિટો પહેલાથી જ વેચાઈ હતી. મેદાન પર ૫૦ હજારની આસપાસ ક્રિકેટ ચાહકો ઉપસ્થિતિ રહ્યા હતા અને હાઉસફુલનો શો રહ્યો હતો. બંને દેશો વચ્ચે છેલ્લે ટ્વેન્ટી વર્લ્ડકપમાં મેચ રમાઈ હતી જેમાં ભારતે પાકિસ્તાન ઉપર જીત મેળવી હતી. શરૂઆતમાં જ ભારતે આક્રમક બેટિંગ કરી હતી. જેથી ક્રિકેટ ચાહકોનો ઉત્સાહ આસમાને પહોચી ગયો હતો અને મેચની પળ પળની માહિતી મેળવવાના પ્રયાસો શરૂ થયા હતા.

# જીપીએસસીની પરીક્ષા ઉમેદવારો માટે અત્યંત અઘરી પુરવાર થઈ

### પ્રશ્નપત્ર એકમાં ગણિત, ઇતિહાસ અને અર્થશાસ્ત્રના ઉંડાણપુર્વકના અટપટા પ્રશ્નોના લીધે ઉમેદવારો મુંઝાયા : બીજુ પેપર સામાન્ય રહયુ

ગાંધીનગર તા ૪

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આજે વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓની નિમણુંક માટે પરીક્ષા લેવાઇ હતી. જેમાં ગાંધીનગર જિલ્લામાંથી ૨૦ હજારથી પણ વધુ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. ૨૦૦ ગુણના પ્રશ્નપત્રો પૈકી પ્રથમ પ્રશ્નપત્ર અત્યંત અઘરુ પુરવાર થયુ હતુ. અટપટા પ્રશ્નો સાથે ગણિત તેમજ ઇતિહાસના પ્રશ્નો ખુબ જ અઘરા પુછાયા હતા. હોંશિયાર ઉમેદવારોએ પણ પ્રશ્નોના જવાબ આપવામાં મુંઝવણ અનુભવી હતી. જયારે પ્રશ્નપત્ર ૨ સામાન્ય રહયુ હતુ.

જી પી એસ સી દ્વારા આયોજિત વર્ગ -૧ અને ૨ની પરીક્ષા ઉમેદવારો માટે વધુ કપરી પુરવાર થઇ હતી. આકરી ગરમી વચ્ચે પરીક્ષાર્થીઓને અઘરા પ્રશ્નોએ મુંઝવણમાં મુકી દીધા હતા. વર્ગ-૧ અને ૨ ની ૨૫૯ જગ્યાએ નિમણુંક આપવા માટે સમગ્ર રાજય કક્ષાએ લેવાયેલી આ પરીક્ષા માટે ૨.૯૪ લાખ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. જયારે બન્ને પેપરમાં ૪૭ થી ૫૫ ટકા ઉમેદવારોએ હાજરી આપી હતી. વર્ગ-૧ અને ૨ ની પરીક્ષામાં ૨૦૦ ગુણના બે પેપરો પૈકી પ્રથમ પેપર ઉમેદવારો માટે મુંઝવણરૂપ બન્યુ હતુ. પેપર નંબર -૧ લેન્ધી અને અટપટા પ્રશ્નોવાળુ હોવાથી ઉમેદવારોને મુશ્કેલી પડી હતી. જેમાં ગણિત રીઝનીંગ તેમજ ઈતિહાસ અને ઈકોનોમિક્સના અટપટા પ્રશ્નો ખુબ જ ઉંડાણ પુર્વક પુછાયા હતા. જેના લીધે વાંચનના અંતે હોંશિયાર વિદ્યાર્થીઓએ પણ થાપ ખાવાનો વારો આવ્યો હતો. કેટલાક ઉમેદવારોને પ્રશ્નોની પણ સમજણ પડી ન હતી. જયારે વિજ્ઞાન અને જનરલ નોલેજના પ્રશ્નો સામાન્ય રહયા હતા. આકરી ગરમીમાં આ કસોટી ઉમેદવારો માટે વધુ કપરી પુરવાર થઈ હતી.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અર્ચી
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com